# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

P G V C L

રજી. અને કોર્પોરેટ ઓફિસ, નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪

CIN: U40102GJ2003SGC042908;

ફોન નંબર : (૦૨૮૧) ૨૩૮૦૪૨૫, ૨૩૮૦૪૨૭; ફેક્સ : ૨૩૮૦૪૨૮;

ઈ-મેલ : forum.pgvcl@gebmail.com; વેબસાઈટ : www.pgvcl.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૬૮/ક્વા-૦૪/૨૦૧૮-૧૯/ 3080-6 તારીખ : 01-05-19

રજી. એડી. પત્ર

પ્રતિ,

વરસાણી મનસુખ માધાભાઈ

નવી મારુતિ પાર્ક - 1, બીગ બજાર પાછળ, ચંદ્ર પાર્ક મેઈન રોડ, રાજકોટ .

મોબાઈલ : ૯૮૨૪૧૯૬૨૪૦

વિષય : નવું ઘર લાઈટીંગ જોડાણ મેળવવા બાબત .

સંદર્ભ: આપશ્રીની રજુઆત તા. ૧૮-૦૩-૨૦૧૯.

( અત્રેના ફોરમની નોંધણી નંબર : ૬૮/ક્વા-૦૪/૨૦૧૮-૧૯ )

મહોદયશ્રી,

આપશ્રીની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્રની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપશ્રીને મોકલવામાં આવે છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

2A

આપનો વિશ્વાસુ,

( સી. જે. ગુજરા )

કા.વા. કન્વીનર

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,

પ.ગુ.વી.કં.લી., રાજકોટ

બિડાણ : ઉપર મુજબ.

નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, રાજકોટ શહેર.

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, રાજકોટ શહેર-૩.

સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો-૨૦૧૧, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૧ ની વિનિયમ નં.- ૨.૫૨ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(૩) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, નાના મવા રોડ રાજકોટ શહેર.

Consumer Grievance R. P.G.V.C.L. Rajkot

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com
**E-Mail- forum.pgvcl@gebmail.com**

**પીજીવીસીએલ/સીજીઆરએફ/૬૮/કવા–૦૪/૧૮–૧૯/** 3080 - 6 તા. 1-5-19

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,રાજકોટના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૬૮/કવા–૦૪/૧૮–૧૯

અરજદાર: વરસાણી મનસુખભાઈ માધાભાઈ ગામ: રાજકોટ
રજૂઆત કરનાર: અરજદાર વરસાણી મનસુખભાઈ માધાભાઈ હાજર રહેલ છે.

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ શહેર વિભાગીય કચેરી નં ૩ રાજકોટ
રજૂઆત કરનાર: (૧) એસ.જી.સોજીત્રા – નાયબ ઈજનેર (ટેક) – શહેર વિભાગીય કચેરી નં ૩ રાજકોટ
(૨) પી.પી.ભારદ્વાજ – નાયબ ઈજનેર– નાના મવા રોડ– પેટા વિભાગીય કચેરી – રાજકોટ

## :: કોરમ ::

(૧) કા.વા. ચેરપર્સન – શ્રી જે.બી.પારેખ
(૨) મેમ્બર સ્વતંત્ર – કોકિલાબેન જે. મોટાણી

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, શહેર વર્તુળ કચેરી – રાજકોટ
તારીખ: ૧૬–૦૪–૨૦૧૯

Consumer Grievance Red. P.G.V.C.L Rajkot

૧.૦ સદર કેઈસ ની સુનાવણી તા.૧૬–૦૪–૨૦૧૯ ના રોજ રાખવામા આવેલ હતી.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદાર વરસાણી મનસુખભાઈ માધાભાઈ ગામ: રાજકોટ, તેઓની અરજી ના નોંધણી નંબર ૬૮/કવા–૦૪/૧૮–૧૯ મા જણાવે છે કે, તેઓની માલીકીમાં નવા વીજજોડાણ મળે તે માટે તેઓએ તા.૩૦–૦૫–૧૭ ના રોજ ભાવપત્રક ભરપાઈ કરાયેલ છે. તે નવુ જોડાણ તેઓને હજુ સુધી મળેલ ન હોય – જેથી, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 **અરજદાર રજુઆત અન્વયે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે,** અરજદાર દ્વારા નાનામવા રોડ પેટા વિભાગીય કચેરીમાં રહેઠાણ હેતુ માટે શ્રી રાજદીપ મજુર કોલોની ન્યુ ગાંધીનગર હાઉસિંગ સોસાયટીની બાજુમાં રાજકોટના પ્લોટ્સ પૈકી પ્લોટનં ૧ માં વિજજોડાણ મેળવવા તા. ૩૦.૦૫.૨૦૧૭ ના રોજ નિયત ભાવપત્રક ભરેલ.

૩.૧ તા. ૦૬.૦૬.૧૭ ના રોજ શ્રી વાલાભાઈ રવાભાઈ ગોહિલ દ્વારા સદરહુ જગ્યા પર પોતાની માલિકીહક્ક હોય સદરહું જગ્યા પર વિજજોડાણ નહિ આપવા વાંધા અરજી રજુ કરેલ છે. આ વાંધા અરજીમાં શ્રી રાજદીપ મજુર કોલોની ન્યુ ગાંધીનગર હાઉસિંગ સોસાયટીની બાજુમાં રાજકોટના પ્લોટ્સ પૈકી પ્લોટ નં ૧ ના દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

૩.૨ અરજદાર દ્વારા નવા વિજજોડાણ મેળવવા માટે રજુ કરેલ દસ્તાવેજો તેમજ વાંધાઅરજી રજુ કરનાર અરજદાર દ્વારા રજુ કરેલ દસ્તાવેજો એક જ જગ્યા ના પ્લોટના હોય નાનામવારોડ પેટા વિભાગીય કચેરી દ્વારા પત્ર નં NMRSD/LEGAL/૨૮૧૪ તા. 30.0૬.૧૭ થી અરજદાર દ્વારા ભરેલ ભાવપત્રકની રકમ પરત લઇ લેવા જાણ કરેલ છે.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખીત રજુઆત તથા સામાવાળાની રજુઆત અને રજુ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી તરફથી નીચે મુજબ નો નિર્ણય કરાયેલ છે.

૪.૧ સદર કેઈસ મા, એકજ પ્લોટ ની માલીકી અંગે – અરજદાર તથા અન્ય વ્યકિત તરફથી જરૂરી આધાર–પુરાવા રજુ કરવામા આવેલ છે. આ સુચિત જગ્યાની માલીકી અંગે અરજદાર તથા અન્ય વ્યકિત વચ્ચે વિવાદ ચાલે છે. જે કિસ્સામાં પ્લોટ ની કાયદેસર ની માલીકી ચોકકસ પણે નકકી થઈ શકતી ન હોય, તેવા કિસ્સામાં આ વિવાદનો કાયદેસરની પ્રક્રીયા થકી ઉકેલ ન આવે ત્યા સુધી આ વિવાદાસ્પદ જગ્યા ઉપર વીજ જોડાણ આપવા માટે પીજીવીસીએલ નુ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ કોઈપણ પ્રકારનો નિર્ણય આપી શકે નહી.

૪.૨ ઉપરોકત વિગતે અરજદાર ની અરજી રદ કરવામા આવે છે.

(શ્રીમતી કે. જે. મોટાણી)
સભ્ય (સ્વતંત્ર)

(જે.બી.પરિખ)
ચેરપર્સન

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot



68-Q4-18-19